

## (D - 91)

## શ્રી મહાપદ્મજિન–સ્તવન

મંગળ પગલે મહાપદ્મનાથ પધાર્યા રે,
અહો! ભાવીના ભગવંત સ્વર્ણે બિરાજ્યા રે.
આવો આવોને સુરનરવૃંદ સ્વર્ણે આવો રે,
આગામી આદિ જિણંદ રત્ને વધાવો રે....મંગળ૦

ગગને ગંધર્વો ગાય, દુંદુભી વાગે રે,
સ્તવનો મધુરાં રેલાય, જિનગુણ ગાજે રે.

વીર પરિષદે રાજેન્દ્ર શ્રેણિક રાજે રે,
તીરથપતિ-પદ બંધાય, મહિમા ગાજે રે....મંગળ૦

પંચ કલ્યાણકો ઉજવાય જંબૂ-ભરતે રે,
સુરગણ નભમાં ઉભરાય જય જય વર્તે રે.

જિન જન્મ્યે હોય સુકાળ, મંગળ વ્યાપે રે,
(–પ્રભુ જન્મ્યે ઉન્નતિકાળ, આનંદ વ્યાપે રે,)
બહુ ફાલે ધરમના ફાલ 'પદ્મ' પ્રતાપે રે....મંગળ૦

ભાવી ચોવીશીમાંહ્ય પ્રથમ જિણંદા રે,
ઈન્દ્રો પૂજે તુજ પાય, વિશ્વદિણંદા રે.
નિજ આનંદે રમનાર, આત્મવિહારી રે,
ગુણવ્યક્તિ સકલ ધરનાર, મહિમા ભારી રે....મંગળ૦

કઈ વિધ પૂજું ગુણધામ, કઈ વિધ વંદુ રે,
મુજ આતમના આરામ, નયન ભરી નિરખું રે.
તરુ કલ્પ પધાર્યા આજ, વાંછિતદાતા રે,
શિવસુખદાયક જિનરાજ, ભવદુખત્રાતા રે...મંગળ૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ગુરુરાજ તણો ઉપકાર ભરતે ગાજે રે,
સ્વાનુભૂતિભર્યો રણકાર, ચેતન જાગે રે.

ગુરુ પ્રતાપથી જિનવૃંદ સ્વર્ણે પધાર્યા રે,
ગુરુ પધારતાં સુખ થાય–ભાવ અમારા રે.
(–ગુરુ! પધારો સ્વર્ણ મોઝાર–મંગલકારા રે.)....મંગળ૦

ગણનાતીત ગુરુ-ઉપકાર મુજ અણુ-અણુએ રે,
શબ્દોથી કેમ કથાય, નમું નમું ભાવે રે,
દેવ-ગુરુ તણો વસવાટ સદા મુજ દિલમાં રે,
શિવપદ તક રહું તુમ દાસ–ભાવું ઉરમાં રે....મંગળ૦